

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 051
Dt.: 01-11-2025,
Saturday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી ભાગરૂપે પરેડનું આયોજન

## વડાપ્રધાને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના ચરણ પર પુષ્પાંજલી અર્પણ કરી



(સંપૂર્ણ સમાચાર સેવા)કેવડિયા

આજે ગુજરાતમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી થઈ રહી છે. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીએ હાજરી આપી. સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના ચરણ પર પુષ્પાંજલી અર્પણ કરી. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી ભાગરૂપે પરેડનું આયોજન કરાયું હતું.

આજે ૩૧ ઑક્ટોબર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી થઈ રહી છે. જન્મજયંતી નિમિત્તે ગુજરાતમાં એકતાનગર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી હાજરી ખાસ બની હતી. પ્રધાનમંત્રીનો ગુજરાતમાં એકતાનગર ખાતે પ્રવાસનો બીજો દિવસ છે. પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીનું આયોજન કરાયું હતું. ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં યોજાય તેવી પરેડનું કેવડિયા ખાતે નીકળી. આ પ્રસંગે ૧૦ હજાર જેટલા લોકો પરેડ નિહાળી શકે તેવું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ગણતંત્ર દિવસની તર્જ પર રાષ્ટ્રીય એકતા પરેડ યોજાઈ છે, જેમાં **BSF, CRPF, CISF** સહિત કેન્દ્રીય સશસ્ત્ર દળોની પાંચ અને વિવિધ રાજ્યોના પોલીસ દળોની કુલ ૧૬ માર્ચિંગ ટુકડીઓએ પોતાના શૌર્યનું પ્રદર્શન કર્યું. આ વિરાટ આયોજન દેશની એકતા, અખંડિતતા અને સૈન્ય શક્તિને પ્રદર્શિત કરતું એક પ્રેરણાદાયી પર્વ બની રહી છે. રાષ્ટ્રીય એકતા પરેડમાં **BSF, CRPF, CISF, ITBP** અને **SSB** સહિત કેન્દ્રીય સશસ્ત્ર દળોની પાંચ અને અન્ય રાજ્યોના પોલીસ દળોની ટુકડીઓ મળીને કુલ ૧૬ માર્ચિંગ ટુકડીઓએ ભાગ લીધો, જે રાષ્ટ્રીય સુરક્ષાનો સંદેશ આપશે. આ આયોજનનું મુખ્ય આકર્ષણ ભારતીય વાયુસેનાની સૂર્ય કિરણ ટીમનો એર શો અને દેશના વિવિધ રાજ્યોની સંસ્કૃતિ દર્શાવતી સુંદર ઝાંખીઓ રહી હતી. આ વીરતાપૂર્ણ પરેડ જોવા માટે લગભગ ૧૨,૦૦૦ જેટલા દર્શકોની વ્યવસ્થા કરવામાં આવી હતી. દેશના વિવિધ ભાગોમાંથી આવેલા પ્રવાસીઓ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા છે.

## KYVની પ્રક્રિયા વધુ સરળ બની, બ્લોક નહીં થાય ફાસ્ટેગ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ટોલ પ્લાઝા પર **FASTag** બ્લોક થવાના અનેક બનાવો સામે આવ્યા બાદ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા **(NHAI)** હેઠળ કાર્યરત ઈન્ડિયન હાઈવે મેનેજમેન્ટ કંપની લિમિટેડ **(IHMCL)** દ્વારા **FASTag**ની **KYV (Know Your Vehicle)** પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે. ઓગસ્ટ ૨૦૨૪માં શરૂ થયેલી આ ફરજિયાત પ્રક્રિયાના કડક અમલથી મુસાફરોને પડી રહેલી મુશ્કેલીઓ અને સોશિયલ મીડિયા પર ચાલી રહેલા હોબાળા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. **NHAI** દ્વારા લેવાયેલા આ નિર્ણયોનો હેતું **FASTag**ના દુરુપયોગ અને છેતરપિંડીને રોકવાનો તેમજ ગ્રાહકોની સુવિધા વધારવાનો છે. **IHMCL** દ્વારા જાહેર કરાયેલી નવી માર્ગદર્શિકા ગ્રાહકોને નોંધપાત્ર રાહત આપે છે, ખાસ કરીને દસ્તાવેજો અપલોડ કરવાની જટિલ પ્રક્રિયામાં. અગાઉ **KYV** માટે વાહનના વિવિધ ફોટોગ્રાફસ અપલોડ કરવા પડતા હતા. હવે કાર, જીપ અથવા વાન માટે માત્ર ફ્રન્ટ-વ્યૂ ફોટો અપલોડ કરવાની જરૂર પડશે, જેમાં નંબર પ્લેટ અને **FASTag** સ્ટીકર સ્પષ્ટપણે દેખાવા જોઈએ. સૌથી મહત્ત્વપૂર્ણ અપડેટ છે, જેણે દસ્તાવેજો અપલોડ કરવાની મુશ્કેલી દૂર કરી છે. સિસ્ટમ હવે વાહન પોર્ટલ પરથી **RC** (રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ)ની માહિતી આપોઆપ મેળવી લેશે. વાહનચાલકે ફક્ત વાહન નંબર, ચેસિસ નંબર અથવા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર દાખલ કરવાની જરૂર રહેશે. અગાઉ, ડિજીલોકર અથવા એમપરિવાહન એપ પરથી **RC**ની ડિજિટલ નકલો અપલોડ કરવી ફરજિયાત હતી. અગાઉ **KYV** અપડેટ ન થવા પર **FASTags** તાત્કાલિક બ્લોક કે નિષ્ક્રિય થઈ જતા હતા, જેના કારણે અનેક ફરિયાદો ઊઠી હતી. જો કે, **IHMCL**એ સ્પષ્ટતા કરી છે કે **KYV** અપડેટ ન હોય તેવા વાહનોની **FASTag** સેવાઓ તાત્કાલિક બંધ કરવામાં આવશે નહીં. યુઝર્સને પ્રક્રિયા પૂર્ણ કરવા માટે પૂરતો સમય અને તક આપવામાં આવશે. બેન્ક વાહનચાલકોને **KYV** વિશે યાદ અપાવવા માટે **SMS** મોકલશે. દસ્તાવેજો અપલોડ કરવામાં મુશ્કેલી પડનાર ગ્રાહકોનો બેન્ક સંપર્ક કરીને પ્રક્રિયા પૂર્ણ કરવામાં મદદ કરશે.

### Moodys એ આપી ખતરનાક વોર્નિંગ

## અમેરિકાના ૨ શહેરોથી સૌથી પહેલા થશે મંદીની શરૂઆત

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

મૂડીઝ એનાલિટિક્સે **(Moody's Analytics)** યુએસ મંદી અંગે એક મહત્વપૂર્ણ ચેતવણી જારી કરી છે. મુખ્ય અર્થશાસ્ત્રી માર્ક ઝાંડીએ જણાવ્યું છે કે યુએસ મંદીમાં પ્રવેશ કરશે કે નહીં તે નક્કી કરવામાં ન્યૂ યોર્ક અને કેલિફોર્નિયા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફે **(Trump Tariff)** વૈશ્વિક વેપાર યુદ્ધને વેગ આપ્યો છે. જ્યારે ટ્રમ્પ દેશની આવક વધારવા માટે તેનો ઉપયોગ એક સાધન તરીકે કરતા દેખાયા હતા, ત્યારે તેમની પ્રતિકૂળ અસરો પણ પડી છે. ઘણા અર્થશાસ્ત્રીઓએ લાંબા સમયથી ચેતવણી આપી છે કે યુએસ મંદીની આરે છે. હવે, મૂડીઝે એક મહત્વપૂર્ણ ચેતવણી જારી કરી છે. મૂડીઝ એનાલિટિક્સે જણાવ્યું છે કે ફક્ત બે રાજ્યો જ નક્કી કરી શકે છે કે યુએસ મંદીમાં પ્રવેશ કરશે કે નહીં. મૂડીઝ એનાલિટિક્સ મુખ્ય અર્થશાસ્ત્રી માર્ક ઝાંડીના જણાવ્યા અનુસાર, ન્યુ યોર્ક અને કેલિફોર્નિયા સ્થિર યુએસ અર્થતંત્ર અને સંપૂર્ણ વિકસિત મંદી વચ્ચે અંતિમ રેખા હોઈ શકે છે. નોંધનીય છે કે ઝાંડી પોતે મહિનાઓથી ચેતવણી આપી રહ્યા છે કે યુએસ મંદી તરફ આગળ વધી રહ્યું છે. તેમનું કહેવું છે કે દેશની બે સૌથી મોટી જાહેર અર્થવ્યવસ્થાઓનું નાણાકીય સ્વાસ્થ્ય ગેમ-ચેન્જર બની શકે છે.

માર્ક ઝાંડીએ આર્થિક અવરોધોનો ઉલ્લેખ કરતા કહ્યું કે ન્યુ યોર્ક અને કેલિફોર્નિયા બંને હાલમાં તેનાથી સંઘર્ષ કરી રહ્યા છે. તેમનો વિકાસ નોંધપાત્ર અવરોધોનો સામનો કરી રહ્યો છે, પરંતુ તેઓ કેટલાક મજબૂત અવરોધોનો પણ સામનો કરી રહ્યા છે. ઝાંડીના નવા વિશ્લેષણ મુજબ, બંને પાણી પાછળ ચાલતા હોય તેવું લાગે છે, જ્યારે અન્ય રાજ્યો પહેલાથી જ સ્થાનિક મંદીમાં પ્રવેશી ચૂક્યા છે. તેમણે મુખ્ય ચિંતાઓ દર્શાવતા કહ્યું કે બંને રાજ્યો વૈશ્વિકરણ અને મુક્ત વેપાર પર ખૂબ આધાર રાખે છે. જો કે, તેઓ વધતા ટેરિફ અને કડક ઈમિગ્રેશન નીતિઓ, તેમજ ડિગ્લોબલાઈઝેશનના વ્યાપક વલણ સહિત માળખાકીય પડકારોનો સામનો કરી રહ્યા છે. બિઝનેસ ઈનસાઈડર સાથેની એક મુલાકાતમાં, ઝાંડીએ જણાવ્યું હતું કે જ્યારે બંને રાજ્યો ટ્રમ્પના ઊંચા ટેરિફ અને અત્યંત પ્રતિબંધિત ઈમિગ્રેશન નીતિ દ્વારા ઉભા થયેલા પડકારોનો સામનો કરી રહ્યા છે, ત્યારે તેઓ **AI** રોકાણમાં વધારો અને વધતા શેરબજારોથી પણ લાભ મેળવી રહ્યા છે, જે ઉચ્ચ આવક ધરાવતા પરિવારોમાં ગ્રાહક ખર્ચને વધારી રહ્યા છે.

ઝાન્ડીના મતે, કેલિફોર્નિયાનું ટેક સેક્ટર, જે છટણી માટે સંવેદનશીલ છે, તે નોકરી બજાર માટે સંભવિત જોખમ ઊભું કરે છે. જો કે, તેમનું કહેવું છે કે આરોગ્યસંભાળ અને શિક્ષણ જેવા અન્ય ક્ષેત્રો આ ખામીને અમુક અંશે પૂરી કરી રહ્યા છે. મૂડીઝના અર્થશાસ્ત્રીઓએ ઓગસ્ટમાં જણાવ્યું હતું કે યુએસ મંદીની અણી પર હતું, અને સપ્ટેમ્બર સુધીમાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હતી. હવે, બધાની નજર ન્યૂ યોર્ક અને કેલિફોર્નિયા પર છે.

માર્ક ઝાન્ડી કહે છે કે જેમ ઓહિયો જાય છે, તેમ રાષ્ટ્ર પણ જાય છે. આ કહેવત હવે લાગુ ન પડે, પરંતુ આજના અર્થતંત્રમાં વાસ્તવિક ખેલાડીઓ કદાચ હાંસિયામાં છે. એ નોંધવું યોગ્ય છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પના ટેરિફ યુદ્ધની વ્યાપક અસર પડી છે. સપ્ટેમ્બરમાં છૂટક ફુગાવો ઊંચો રહ્યો, જે કેટલીક યુએસ આયાતોના ભાવમાં વધારાને કારણે હતો. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર દ્વારા જારી કરાયેલા તાજેતરના ફુગાવાના ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં ગ્રાહક ભાવમાં એક વર્ષ અગાઉની સરખામણીમાં ૩%નો વધારો થયો હતો, જે અપેક્ષા કરતાં ઓછો હતો, પરંતુ પાછલા ઓગસ્ટમાં ૨.૯%ના વધારા કરતાં વધુ હતો.



# તંત્રી લેખ......

## મોદીએ ટ્રમ્પને અલગ રીતે સમજાવ્યા છે

પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર ખૂબ વરસી રહ્યા છે અને કહે છે કે, બંને દેશ વચ્ચેના દ્વિપક્ષી વ્યાપારકરાર અંગે સમજૂતી થઈ રહી છે. અલબત્ત આ સમજૂતી કેવી - કેટલી થાય છે તે જોવાનું છે. અત્યાર સુધી આપણે કૃષિ ક્ષેત્ર અને ડેરી ઉદ્યોગમાં અમેરિકી ઉત્પાદનની આયાત માટે મંજૂરી આપી નથી. મકાઈ અને દૂધ ડેરી ઉદ્યોગમાં આપણા લોકોનાં હિતનો વિચાર કરવો જ પડે. ટ્રમ્પ તો પોતાના કિસાનો માટે ભારતનાં બજાર ખોલવાનો આગ્રહ કરે છે. આવી જ રીતે રશિયન તેલની ખરીદી બંધ કરવા માટે દબાણ કરે છે, ૨૫ ટકા વધારાની જકાત નાખી છે. હવે આપણે રશિયન તેલની ખરીદી ધીમે ધીમે ઓછી કરી રહ્યા છીએ ત્યારે ટેરિફ - આપણા માલ ઉપર જકાત ક્યારે ઘટાડાશે તે જોવાનું છે. અલબત્ત, અત્યારે તો વ્યાપારની ગાડી પાટા ઉપર ચડી રહી હોય એમ લાગે છે. ટ્રમ્પ સાઉથ કોરિયાની મુલાકાત દરમિયાન મોદી સાહેબના ભારોભાર વખાણ કર્યા છે. મોદી ઘણા અચ્છા માણસ છે, સુંદર છે, એમને જોઈએ તો પિતાતુલ્ય લાગે (અર્થાત માન ઉપજે) પણ તેઓ બહુ મક્કમ, ક્ષકિલર' (મારકણા?) છે એમ પણ કહ્યું છે. આમ કહ્યા પછી પાછા યુદ્ધવિરામનો મુદ્દો છેડયા વગર ચાલે નહીં, પણ મૂળ જ હવે કહ્યું છે કે યુદ્ધવિરામ મેં કરાવ્યો તેમાં સુધારા-વધારા કર્યા છે. ક્ષમેં વડાપ્રધાન મોદીને કહ્યું, અમે તમારી સાથે વ્યાપાર નહીં કરી શકીએ - તમે પાકિસ્તાન સાથે લડાઈ શરૂ કરી છે. હવે વ્યાપાર થાય નહીં.' હવે ટ્રમ્પ પ્રથમ વખત કહે છે કે, પાકિસ્તાનને પણ ફોન ઉપર આ જ વાત કરી, પણ બંને દેશ મને કહેતા હતા કે અમને લડવા દો. આખરે બંને દેશના માલ ઉપર ૨૫૦ ટકા આયાત-જકાત નાખવાની ધમકી આપી આનો અર્થ એ કે, વ્યાપાર થાય જ નહીં... ટ્રમ્પ હવે ભારત અને પાકિસ્તાનને એક ત્રાજવે તોળે છે! બંને દેશ મક્કમ છે. ક્ષમોદી તો ગજબ છે : કહે છે, અમે તો લડીશું, પણ બંને દેશોએ બે જ દિવસમાં મને કહ્યું કે, અમે લડાઈ બંધ કરી છે! ગજબ છે ને? પૂર્વ પ્રમુખ બાયડન આવું કરી શક્યા હોત?' ટ્રમ્પ હજુ પ્રમુખપદની ચૂંટણીના મિજાજમાં છે! ત્રીજી વખત પ્રમુખપદની ચૂંટણીમાં ઝુકાવશે એવા અહેવાલ છે, પણ અમેરિકી સંવિધાનમાં આવી - ત્રીજી મુદતની છૂટ નથી, છતાં ટ્રમ્પ વિજયને વાગોળ્યા કરે છે અને વિશ્વમાં ક્ષશાંતિદૂત' બનીને લડાઈ બંધ કરાવે તો નોબેલ એવોર્ડ મળવાનો વિશ્વાસ છે. યુદ્ધવિરામ માટે ભારત ઉપર દબાણ કર્યાનો દાવો એમણે કેટલી વખત કર્યો? આપણા વિપક્ષી નેતા ગણ્યા અને ગણાવ્યા કરે છે, પણ વિદેશ ખાતાના અધિકારીઓ કહે છે, ગણવાનો અર્થ નથી અને ખુદ વડાપ્રધાન મોદીએ ટ્રમ્પના દાવાને રદિયો આપ્યા પછી દરેક વખતે પુનરાવર્તન કરવાની જરૂર નથી, પણ મોદીએ અલગ રીતે ટ્રમ્પને સમજાવી દીધા છે. તાજેતરમાં વિદેશોમાં ટ્રમ્પ સાથે મુલાકાત કરવાના અવસર મોદીએ ટાળ્યા છે. વિદેશયાત્રા રદ કરીને વિદેશપ્રધાન જયશંકરને મોકલ્યા છે. મોદીની હાજરીમાં ટ્રમ્પને પાનો ચડે અને ફરીથી યુદ્ધવિરામની દાવેદારી કરે તો એમની સાથે જીભાજોડી શોભે નહીં. ગેરહાજરીથી વધુ સજ્જડ જવાબ - રદિયો આપ્યો છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં રૂ.૮નો મામૂલી ઘટાડો: ચાંદીના વાયદામાં રૂ.૧૧૭ની વૃદ્ધિ: ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૮ ઢીલો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૨૨૩.૮૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૩૬૫૭૬.૨૨ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૩૪૧૩.૭૩ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૮૬૧૮ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૪૬૪૮૦૨.૧૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૨૨૩.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૩૬૫૭૬.૨૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૧.૦૩ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૧.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૬૧૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૧૬૪.૬૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૩૪૧૩.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૧૪૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૨૧૨૦ અને નીચામાં રૂ.૧૨૦૮૮૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૧૫૦૮ના આગલા બંધ સામે રૂ.૮ ઘટી રૂ.૧૨૧૫૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૯૩ વધી રૂ.૯૮૩૦૦ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૭ વધી રૂ.૧૨૨૮૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦ ઘટી રૂ.૧૨૦૨૦૧ થયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૧૬૯૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૨૪૫૨ અને નીચામાં રૂ.૧૨૧૧૧૬ના મથાળે અથડાઈ, રૂ.૧૨૧૬૯૪ના આગલા બંધ સામે રૂ.૧૬૬ વધી રૂ.૧૨૧૮૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૪૮૧૪૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૦૦૦૦ અને નીચામાં રૂ.૧૪૭૯૪૨ના મથાળે અથડાઈ, રૂ.૧૪૮૮૪૦ના આગલા બંધ સામે રૂ.૧૧૭ વધી રૂ.૧૪૮૯૫૭ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૨૨૪ વધી રૂ.૧૫૧૪૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૮૯ વધી રૂ.૧૫૧૩૬૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૨૪૭.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૧.૬૫ ઘટી રૂ.૧૦૧૦.૧ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર વાયદો ૬૦ પૈસા વધી રૂ.૩૦૦.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧૫ પૈસા વધી રૂ.૨૭૦.૪ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૪૦ પૈસા ઘટી રૂ.૧૮૨.૮ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૬૧૬.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૮૬૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૧૨૨ અને નીચામાં રૂ.૨૮૫૮ના સ્તરને સ્પર્શી, રૂ.૨૫૭ વધી રૂ.૩૧૨૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૩૫૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૮૪ અને નીચામાં રૂ.૫૩૩૮ના સ્તરને સ્પર્શી, રૂ.૫૩૯૧ના આગલા બંધ સામે રૂ.૨૮ ઘટી રૂ.૫૩૬૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૨૮ ઘટી રૂ.૫૩૬૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૪.૯ વધી રૂ.૩૬૩.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૧૪.૮ વધી રૂ.૩૬૩.૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૩૫ના ભાવે ખૂલી, ૨૦ પૈસા વધી રૂ.૯૩૫.૭ના સ્તરે પહોંચ્યો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૩૯૦ વધી રૂ.૨૫૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૭૮૦ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૨૭૮૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૪૭૦૪.૮૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૭૦૮.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૮૭૯.૯૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૨.૨૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪.૯૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧૦.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૦.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩૧.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૧૭૪.૪૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૪.૭૪ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૬૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૯૦૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૫૩૪૦ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૧૮૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૮૫૮૧૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૮૦૩૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૭૪૧૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૪૦૯૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૩૨૨૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૦૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૯૯૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૪૩૮૨ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૮૫૩૮ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૮૭૪૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૮૫૩૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૦ પોઈન્ટ વધી ૨૮૬૧૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૭ ઘટી રૂ.૧૪૪.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા ઘટી રૂ.૧૯.૮ના ભાવે બોલાયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૨૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૩ ઘટી રૂ.૩૬૫.૫ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૮૩.૫ વધી રૂ.૪૧૯૧.૫ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૨ ઘટી રૂ.૨૪.૧૫ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૫ પૈસા ઘટી રૂ.૭ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૫ વધી રૂ.૧૪૪.૭ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા ઘટી રૂ.૨૧.૩ થયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૧૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯.૫ ઘટી રૂ.૨૧૧ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૧૯.૫ ઘટી રૂ.૨૫૨૦ના ભાવે બોલાયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૬૮ પૈસા વધી રૂ.૧૫.૭ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૨૯૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૮૪ વધી રૂ.૫.૨ થયો હતો.

# મેટાના શેર ૧૧% તૂટતા ઝુકરબર્ગની સંપત્તિમાં રૂ.૨.૫૯ લાખ કરોડનો ફટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના શેરબજારમાં કડાકો નોંધાતા વિશ્વના ટોચના ૧૦ ધનિકોની નેટવર્થમાં મોટો ઘટાડો નોંધાયો છે. જેમાં માર્ક ઝુકરબર્ગને સૌથી મોટો ફટકો પડ્યો છે. વિશ્વની ટોચનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુકની પેરેન્ટ કંપની મેટા પ્લેટફોર્મ્સના શેર ગુરુવારે ૧૧ ટકાથી વધુ તૂટતાં કંપનીના સીઈઓ ઝુકરબર્ગની કુલ સંપત્તિમાં ૨૯.૨ અબજ ડોલરનો (આશરે રૂ. ૨૫,૮૮,૫૦,૭૦,૦૦,૦૦૦)નો ઘટાડો નોંધાયો છે. આ સાથે, તેમની કુલ સંપત્તિ હવે ૨૩૫ અબજ ડોલર થઈ ગઈ છે. ઝુકરબર્ગ ધનિકોની યાદીમાં ત્રીજા સ્થાનેથી પાંચમા સ્થાને સરકી ગયા છે. ઝુકરબર્ગની નેટવર્થમાં ૨૯.૨ અબજ ડોલરનો ઘટાડો બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ દ્વારા નોંધાયેલો ચોથો સૌથી મોટો એક દિવસીય બજાર-આધારિત ઘટાડો હતો. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કે ગુરુવારે ૧૫.૩ અબજ ડોલર ગુમાવ્યા હતાં. જેમની કુલ નેટવર્થ ઘટી ૪૫૭ અબજ ડોલર થઈ છે. ઓરેકલના ફાઉન્ડર લેરી એલિસનની નેટવર્થ ૧૯.૮ અબજ ડોલર ઘટી ૩૧૭ અબજ ડોલર થઈ હતી. એમેઝોનના ફાઉન્ડર જેફ બેજોસની સંપત્તિમાં પણ ૬.૬ અબજ ડોલરનું નુકસાન નોંધાયુ હતું. મેટાનો સ્ટોક આ વર્ષે ૨૮ ટકા ઉછળ્યો હતો. જેના પગલે ઝુરબર્ગની સંપત્તિમાં ૫૭ અબજ ડોલરનો વધારો નોંધાયો હતો. પરંતુ મેટાના એઆઈ બજેટમાં વધારો થતાં રોકાણકારોએ રોકાણ અટકાવતાં રેટિંગ એજન્સીઓએ રેટિંગ ઘટાડ્યું હતું. આ વર્ષે કંપની પોતાના મૂડી ખર્ચમાં ૧૧૮ અબજ ડોલર સુધીનો વધારો કરવાની યોજના ધરાવે છે.

# ઉત્તરાખંડ બાદ હવે ગુજરાતમાં પણ સોનુ ખરીદવાનુ બંધ: જાગૃતિ અભિયાનનો ઠેર ઠેર પ્રારંભ

પ્રતિનિધિ,ગાંધીનગર

સોના અને ચાંદીના ભાવમાં તોતીંગ વધારો થઈ રહ્યો છે. આ વધારો એવી સ્થિતિએ પહોચ્યો છે કે સામાન્ય માણસ કે મધ્યમ વર્ગના માણસ માટે સોનુ ખરીદવુ એક સપનુ જ બની ચુકયુ છે. ત્યારે ઉત્તરાખંડમાં કેટલાક ગામડાઓમાં લગ્ન કે કોઈપણ પ્રસંગમાં સોનુ નહી આપવા કે ખરીદવા સહિત દાગીનાનો દેખાડો નહી કરવા સામે ગામે ગામ જાગૃતિ અભિયાન શરૂ થઈ ગઈ છે.

ઉત્તરાખંડની સાથે સાથે હવે દક્ષિણ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારમાં પણ રબારી અને માલધારી સમાજ દ્વારા સોનાના દાગીના પ્રથા બંધ કરવા ઝુંબેશ શરૂ કરી છે. સોનાના ભાવ સાતમા આસમાને પહોચ્યા છે અને ૨૪ કેરેટ સોનાનો ભાવ સવા લાખને પાર પહોચી ચુકયો છે. ત્યારે સોનાના ભાવ વધતા હવે સોનુ ખરીદવુ સામાન્ય માણસ માટે અશકય બન્યુ છે. પરીણામે હવે તમામ સમાજમાં જાગૃતિ આવી છે અને લગ્નમાં સોનુ આપવાની પ્રથા બંધ કરવા આગેવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ઉત્તરાખંડના દહેરાદુન જિલ્લાના જોનસર અને બાવર પ્રદેશમાં સોનાના દાગીના પહેરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ચક્રાતા બ્લોકના કંદડ અને ઈન્દ્રોલી ગામોએ સર્વાનુમતે જ નકકી કર્યુ છે કે મહિલાઓ હવે લગ્નો કે સામાજિક મેળાવડા માં માત્ર કાન અને નાક માં દાગીના જ પહેરી શકશે અને નિયમ તોડનારને ૫૦ હજાર રૂપીયાનો મોટો દંડ થઈ શકે છે. ઉત્તરાખંડથી શરૂ થયેલી સામાજિક જાગૃતિની ચિનગારી હવે દેશભરમાં પ્રસરી રહી હોય તેવુ લાગી રહ્યુ છે અને હવે ગુજરાતમાં સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતમાં પણ કેટલાક સમાજ લગ્નોમાં સોનુ નહી આપવા સામાજિક ધોરણે ઠરાવ કરી રહ્યા હોવાનુ બહાર આવ્યુ છે. સોનાના વધી રહેલા ભાવો વચ્ચે હવે ગામડે ગામડે લોકો લગ્નોમાં સોનુ આપવાની પ્રથા બંધ કરવા આગળ આવી રહ્યા છે અને સોનુ હવે આંતરરાષ્ટ્રીય સ્તરે સટ્ટા બજાર / શેર બજાર જેવુ અને રોકાણકારો માટે એક વ્યવસાય બની જતા સામાન્ય લોકો માટે ખરીદવુ અશકય બની ગયુ છે. ત્યારે ક્ષત્રીય સમાજ દ્વારા પણ અનેક જગ્યાએ સોનાના દાગીનાની લેવડ દેવડ બંધ કરવા નકકી કરાઈ રહ્યુ છે અને મોબાઈલના આવા દેખાડા કરતા સ્ટેટસ નહી મુકવા પણ વિનંતી કરાઈ રહી છે. જયારે ઉત્તર ગુજરાતના રબારી સમાજ દ્વારા પણ લગ્ન પ્રસંગમાં દાગીના પ્રથા બંધ કરવા માટેની ઝુંબેશ શરૂ થઈ ગઈ છે. જેમાં કચ્છ/સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના અલગ અલગ વિસ્તારના રબારી સમાજના લોકો પણ આ ઝુંબેશમાં જોડાઈ રહ્યા છે. કેટલીક જગ્યાએ રબારી સમાજ દ્વારા વિડીયો બનાવીને અન્ય દાગીના પ્રથા બંધ કરવા જાગૃતિના પગલા ભરી ઝુંબેશમાં જોડાવવા માટે અપીલ કરી રહ્યા છે. જે પૈકી કેટલાક વિડીયો વાયરલ પણ થઈ રહ્યા છે. દાગીના પ્રથા બંધ કરવા માટેની ઝુંબેશ અંગે રબારી સમાજના લોકોનુ કહેવુ છે કે મુશ્કેલીમાં કામ લાગતુ હાથવગુ સોનુ ખરીદવામાં હવે લોકો દેવાદાર થઈ રહ્યા છે. રબારી / ભરવાડ સહિતના માલધારી સમાજના લોકોમાં લગ્ન દરમિયાન સોનુ આપવાની પ્રથા છે અને પહેલાના સમયમાં માલધારી સમાજના લોકો દુધના પૈસા આવે તેમાંથી સોનુ અને ચાંદી ખરીદતા હતા અને લગ્નોમાં કામ આવતુ હતુ અથવા જરૂર પડયે ત્યારે વેચી દેતા હતા હવે સોનુ ખરીદવુ અશકય થઈ રહ્યુ છે. ઉત્તર ગુજરાતમાં ગામડે ગામડે જઈને સભાઓ કરી આ લોકો સમાજના અન્ય લોકોને સમજાવી રહ્યા છે. આ મુદ્દે આગામી સમયમાં મોટુ સંમેલન પણ મળી શકે છે.

પહેલાના જમાનામાં સમાજના લોકો દુધ વેચીને તે પૈસાના દાગીના લેતા હતા પણ હવે તે ભાવ રહ્યો નથી, કારણ કે દુધના ભાવો ત્યાંજ છે અને સોનાના ભાવો આસમાને પહોચ્યા છે. ઉપરથી લગ્ન દરમિયાન ૨૦ થી વધુ તોલા સોનુ આપવાની પ્રથા હતી તે હાલમાં પરવડે તેમ નથી. ત્યારે અત્યારના સમયમાં દાગીના ખરીદવા મુશ્કેલ બન્યા છે અને જો અગાઉની રીત રસમ નિભાવવા જાય તો સમાજના લોકો દેવા નીચે દબાતા જાય છે.આ પ્રથા હવે રીવાજ મટીને કુરીવાજ બનતો જઈ રહ્યો છે. ત્યારે સોનુ ખરીદવુ જ નહી તેવી ગામે ગામ ઝુંબેશ શરૂ થઈ ગઈ છે. જે આગામી દિવસોમાં સમગ્ર દેશમાં પ્રસરી જાય તેઓ માહોલ જોવા મળી રહ્યો છે.

# મુખ્યમંત્રી રાહતનિધિ ફંડ સરકારની ખાનગી પેઢી છે? ગુજરાત સરકાર તેના હિસાબો કોઈ દિવસ જાહેર કરતી નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

અત્યારે ભારે કમોસમી વરસાદના સંદર્ભમાં ગુજરાતમાં ખેડુતોને અને અન્ય નાગરીકોને જે નુકશાન થયુ છે તેના બદલામાં રાજય સરકાર તેમને નાણાંકીય રાહત પુરી પાડે એવી માંગણી સ્વભાવિક રીતે જ ઉઠી છે. ત્યારે ગુજરાતમાં કોઈપણ આપત્તિગ્રસ્ત લોકોને રાહત આપવા માટેની જે પ્રાથમિક સરકારી વ્યવસ્થા છે તે કેવી છે તેની સમજ મેળવવી જરૂરી છે.

સામાન્ય રીતે જયારે પણ મોટી આપત્તિ આવે ત્યારે ગુજરાત સરકાર મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાં લોકોને દાન આપવા અપીલ કરે છે અને લોકો પણ ઉદાર મને તેમાં નાણાં આપે છે, તુલનાત્મક રીતે સુખી લોકો, સંસ્થાઓ અને કંપનીઓ આ ફંડમાં નાણાં આપે છે પરંતુ આ ફંડના વહિવટના સંદર્ભમાં કેટલાક પાયાના સવાલો ઉભા થાય છે. પારદર્શિતા અને સુશાસનના સિધ્ધાંતો શું આ ફંડને લાગુ પડે છે ખરા ? તેના મુદ્દા પ્રમાણે જોઈએ તો (૧) ગુજરાત મુખ્યમંત્રી રાહતનિધિ ફંડ ૧૯૬૭ માં રચાયુ હતુ તે એક ખાનગી ફંડ છે, સરકારી નહી, તેનો વહિવટ મુખ્યમંત્રીના અધ્યક્ષપદ હેઠળની ૫ સભ્યોની સમિતિ કરે છે, રાજય સરકારનુ મહેસુલ ખાતુ તેનુ સંચાલન કરે છે, ગુજરાત સરકારના મહેસુલ વિભાગે આ ફંડના નિયમો બહાર પાડયા છે. તેનો નિયમ -૧ એમ કહે છે કે આ ફંડ જાહેર હિસાબ બહાર રચાયેલુ ખાનગી ફંડ રહેશે, તા. ૧૮/૧/૧૯૬૭ ના આ જ વિભાગના ઠરાવમાં પણ એમ લખવામાં આવ્યુ છે કે આ ફંડ રાજય સરકારના જાહેર હિસાબની બહાર રાખવામાં આવશે, જાહેર હિસાબ એટલે એવી રકમ કે જે સરકારની છે નહી પણ સરકાર તે ધરાવે છે અને તેનો હિસાબ પણ રાખે છે, જેમ કે પ્રોવિડંડ ફંડ, નાની બચત અને અન્ય થાપણો વગેરે, નિયમનો અર્થ એવો થાય છે કે મુખ્યમંત્રી રાહતનિધિ ફંડનો સમાવેશ આ જાહેર હિસાબમાં કરવામાં આવતો નથી. જાહેર હિસાબની રકમ કેટલી છે તે તો બજેટમાં દર્શાવવામાં આવે છે ખરી, પણ તેમાં આ રાહતફંડની રકમનો સમાવેશ કરવામાં આવતો નથી, આમ આ ફંડ સરકારની એક ખાનગી પેઢીની જેમ વરસોથી ચાલે છે.

(૨) ફંડનુ નામ એવુ છે કે લોકોને તો એમ જ લાગે છે કે આ સરકારી ફંડ છે પણ એ સરકારી ફંડ છે જ નહી, માત્ર તેનો વહિવટ રાજય સરકાર કરે છે, એટલુ જ નામ,



ગુજરાત મુખ્યમંત્રી રાહતનિધિ ફંડ રાખીને રાજય સરકારે રાજયના નાગરીકોમાં એક ભ્રમ ઉભો કર્યો છે, (૩) આ ફંડના આવક જાવકના હિસાબો જાહેર કરવામાં આવતા નથી, વિધાનસભામાં પણ તે રજુ થતા નથી, થોડા વરસો અગાઉ માહિતિ અધિકાર કાયદા હેઠળ તેની માહિતી મેળવવા માટે અરજી કરાઈ ત્યારે પણ તેની માહિતી રાજય સરકાર દ્વારા આપવામાં આવી ન હતી અને એમ કહેવામાં આવ્યુ હતુ કે આ તો એક ખાનગી ફંડ છે. આ ફંડ અંગેની કોઈ જ વિગત ફંડની વેબસાઈટ પર પણ મળતી નથી. (૪) કેટલા પૈસા ફંડમાં દાન પેટે આવ્યા અને તે કયારે, કોના માટે અને કયા હેતુ માટે ખર્ચાયા તે જાણવાનો લોકોને અધિકાર છે, પણ રાજય સરકાર તે અધિકારને માન્ય રાખતી નથી, (૫) અત્યારે પહેલા આ ફંડમાં કેટલા પૈસા છે તે સરકાર જાહેર કરે, તેનો વિગતવાર હિસાબ જાહેર ખબર આપીને જાહેર કરે તો લોકોને ખ્યાલ આવે કે ફંડમાં કેટલા પૈસા હાજર છે, ફંડમાં પૈસા લેવા જો સરકાર દ્વારા જાહેર ખબરો આપી શકાય તો નાગરીકોને હિસાબ આપવા માટે જાહેર ખબર આપી શકાય (૬) ફંડના નિયમોમાં કયાંય એનુ ઓડીટ થશે એવુ લખાયુ નથી, નિયમ ૧૪ કહે છે કે દરેક વરસનો હિસાબ અને સરવૈયુ સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે. ફંડમાં દાન ભેગુ કરે સમિતિ, ફંડમાંથી ખર્ચ કરે સમિતિ અને સમિતિ પોતે જ પોતાનો અહેવાલ આપે, આ તો પેલા સુખ્યાત કે કુખ્યાત દલા તરવાડી જેવો ઘાટ થયો ન કહેવાય ? આને પારદર્શિતા કેવી રીતે કહેવાય ? આ ફંડને લીધે કેટલાક લોકોને કેટલો લાભ શાં મા થયો તે જાણવાનો અધિકાર ગુજરાતના ભારતીય નાગરીકોને ખરો કે નહી ? (૭) ફંડના નિયમ ૭ માં આ ફંડમાંથી વ્યકિતઓ અને સંસ્થાઓને ગ્રાન્ટ આપવામાં આવશે એવુ જણાવાયુ છે. તો કોને કેટલી ગ્રાન્ટ અપાઈ તે જાણવાનો હક્ક નાગરીકોને નથી ? સરકાર ગમે તે સંસ્થાને કે વ્યકિતઓને ગ્રાન્ટ આપી શકે છે અને તેની માહિતી પણ લોકોને મળતી નથી. (૮) જયારે પણ કોઈ મોટી આપત્તિ આવે છે ત્યારે સરકાર આ ફંડમાં દાન મેળવીને પૈસા ભેગા કરે છે અને વાપરે છે પણ કદી કરોડો રૂપીયાનો હિસાબ આપતી નથી, આ બાબત સુશાસનના પારદર્શિતા અને ઉત્તરાદયિત્વ જેવા સિધ્ધાંતોનો શરેઆમ ભંગ છે. રાજય સરકારનુ કામ દાન મેળવવાનુ છે જ નહી, સરકારનુ કામ તો નાગરીકો પર કરવેરા નાખીને નાણાં ભેગા કરીને વાપરવાનુ છે, કયા વેરા ઉઘરાવવા એને વિશેની જોગવાઈ ભારતના બંધારણમાં અનુસુચિ-૭ માં કરવામાં આવી છે. એ વેરા ઉઘરાવવા માટે વિધાનસભા કાયદા કરે છે અને સરકાર પછી તે કાયદાનો અમલ કરવા માટે નિયમો ઘડે છે. જો સરકાર પાસે કોઈ આપત્તિને પહોચી વળવા માટે પુરતી રકમ હાજર ન હોય તો તે હયાત કરવેરામાં વધારો કરી શકે છે. નવા કરવેરા નાખી પણ શકે છે. આ અનુસુચિ માં પણ કયાંય સરકાર દાન ઉઘરાવે એવુ લખવામાં આવ્યુ નથી તેમ છતાં સરકાર દાન ઉઘરાવે છે અને મનફાવે તેમ એ દાનની રકમ વાપરે છે. વળી દાન તો સ્વેચ્છિક છે, પણ કરવેરા ફરજીયાત છે. સરકારને જેને જેટલુ દાન આપવુ હોય તેટલુ તે આપે છે, કોઈપણ ન આપે એટલે સરકારે ધનવાનો પર વધુ વેરા નાખીને જ પૈસા ભેગા કરવા જોઈએ અને આપત્તિગ્રસ્ત લોકોને રાહત આપવા માટે તે વાપરવા જોઈએ, વળી ભારતના બંધારણમાં રાજયે એટલે કે સરકારે શું કરવુ જોઈએ તેના માર્ગદર્શક સિધ્ધાંતો પ્રકરણ ૪ માં આપવામાં આવ્યા છે. તેમાં પણ કયાંય સરકારને દાન ભેગુ કરીને આપત્તિગ્રસ્ત લોકોને રાહત આપવામાં આવે એવુ લખવામાં આવ્યુ નથી.

# પાટણ નગરપાલિકા ભાજપમાં ભુકંપ સર્જાય તેવા એંધાણ :નગરપાલિકાની સામાન્ય સભામાં ભાજપના જ કેટલાક સભ્યોએ વિપક્ષની ભુમિકા ભજવી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પાટણની સત્તાધારી ભાજપ શાસિત નગરપાલિકાની સામાન્ય સભા વિવાદોથી ઘેરાઈ ગઈ હતી. જેમાં સત્તાધારી ભાજપ પક્ષના જ કેટલાક સભ્યોએ વિપક્ષની ભુમિકા ભજવી હતી.



પ્રમુખ હિરલબેન પરમારના મોટાભાગના કામો બહુમતિથી મુલત્વી અથવા નામંજુર થયા હતા. કુલ ૮૬ એજન્ડામાંથી ૧૦ કામો નામંજુર અને ૧૫ કામો મુલત્વી રખાયા હતા. પ્રમુખ હિરલબેન પરમારે સભામાં થયેલા વિરોધ પર પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે અમુક સભ્યોએ પોતાનુ મહત્વ બતાવવા વિપક્ષની જેમ વર્તન કર્યુ છે. તેમણે શૈલેષ પટેલ, નરેશ દવે, હિનાબેન શાહ, મનોજ પટેલ અને એમ જે પટેલને વિકાસ રોકવા માટે જવાબદાર ગણાવ્યા હતા. વિપક્ષના સભ્ય ભરત ભાટીયાએ આ સામાન્ય સભાને ગેરબંધારણીય ગણાવી હતી, તેમનો આક્ષેપ હતો કે પ્રમુખ પોતાની મનમાની કરીને યાદી લેતા ન હોવાથી ભાજપના જ સભ્યોએ બહિષ્કાર કર્યો અને પ્રમુખના રાજીનામાની માંગ કરી, ભાજપના અન્ય સભ્યોએ પણ પાટણની હાલત અંગે આક્રોશ વ્યકત કર્યો હતો. તેમણે પ્રમુખ અને ચીફ ઓફીસર પર બેદરકારીના આક્ષેપો કરતા કહ્યુ હતુ કે ઐતિહાસિક પાટણ આજે ખાડાનગરી બની ગયુ છે. કારણ કે શહેરના વિકાસ કામોમાં કોઈ રસ લેવાતો નથી.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

ગુજરાત સરકાર



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન



**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

## "એક ભારત શ્રેષ્ઠ ભારત"ના
## ગૌરવની ઉજવણી

# ભારત પર્વ ૨૦૨૫

### ભારતભરની વિવિધ વાનગીઓ, કલા તથા વિવિધ સંસ્કૃતિઓ માણો એક જ સ્થળે!

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા - સ્ટેચ્યૂ ઑફ યુનિટી, રાષ્ટ્રીય ઉત્સવનું કેન્દ્ર બનશે, કારણ કે અહીં એકતાનગર ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" અંતર્ગત 'ભારત પર્વ ૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ થીમ પૅવેલિયન, પ્રાદેશિક વાનગીઓ, પરંપરાગત હસ્તકલા અને સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ દ્વારા વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એકસાથે લાવશે, જે ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતામાં તેની અડગ એકતાને પ્રતિબિંબિત કરશે.



## ભારત પર્વ ૨૦૨૫
**૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫**

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**
ડેમ વ્યૂ પૉઇન્ટ-૧, વૅલી ઑફ ફ્લાવર સામે

**થીમ પૅવેલિયન**
**ફૂડ સ્ટૉલ્સ**
**ક્રાફ્ટ સ્ટૉલ્સ**
જંગલ સફારી પાસે

અન્ય આકર્ષણો
લેસર, લાઇટ અને સાઉન્ડ શો • જંગલ સફારી અને ડાયનો ટ્રેઇલ • સરદાર સરોવર ડેમ અને બોટિંગ • કેક્ટસ ગાર્ડન
બટરફ્લાય ગાર્ડન • આરોગ્ય વન • ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક • વિશ્વ વન

**સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર**

'ભારત પર્વ' એ માનનીય વડાપ્રધાનશ્રીની દૂરંદેશી હેઠળ "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની રાષ્ટ્રીય શક્તિનો જીવંત સંદેશ છે.
**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# સરદારને શ્રધ્ધા સુમન અર્પણ કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ લપસી પડયા



પ્રતિનિધિ,ગાંધીનગર

૩૧ મી ઓકટોબર રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવાના કાર્યક્રામમાં અણધારી ઘટના બની હતી, કાર્યક્રમ પુર્ણ થયા બાદ ગુજરાતના મુખ્યમંત્રી સીડી પરથી નીચે ઉતરી રહ્યા હતા ત્યારે તેઓ લપસી પડયા હતા. સદભાગ્યે, આ ઘટનામાં તેમની કોઈ ગંભીર ઈજા થઈ ન હતી. આજે શુક્રવારે સવારે અમદાવાદમાં આયોજીત એકતાદિવસની ઉજવણીમાં મુખ્યમંત્રીએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી સીડી પરથી નીચે ઉતરતી વેળા એ અચાનક તેમનો પગ લપસ્યો હતો અને તેઓ જમીન પર ધડામ દઈને પડી ગયા હતા. આ જોઈને કાર્યક્રમમાં હાજર સુરક્ષા કર્મીઓ અને અન્ય મહાનુભાવો તાત્કાલીક મુખ્યમંત્રી ની મદદે દોડી આવ્યા હતા. ગણતરીની ક્ષણોમાં જ તેમને ઉભા કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ કે તેમને કોઈ મોટી ઈજા થઈ ન હતી અને તેઓએ સ્વસ્થતા જાળવી રાખી હતી. આ બનાવના કારણે થોડીક ક્ષણ માટે હાજર સૌ લોકો ચિંતામાં મુકાયા હતા. પરંતુ મુખ્યમંત્રી સલામત હોવાનુ જાણતા જ સૌએ રાહત અનુભવી હતી.

# સરકારનુ જુઠ્ઠાણું : પાક વિમા મામલે મુખ્યમંત્રીના આદેશ અને પરીપત્રમાં વિસંગતતાઃ ખેડુતોએ કહ્યુ સરકાર અમારી મજાક ઉડાડી રહી છે



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કમોસમી વરસાદ થતા ખેડુતોનો પાક પાયમાલ થઈ ગયો છે. અંદાજે ૧૦ લાખ હેકટર થી વધુ વિસ્તારમાં ખેતીમાં મોટાપાયે નુકશાન થયુ છે.

આવા મુશ્કેલ સમયમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ પાકના નુકશાનનો સર્વે ૭ દિવસમાં પુર્ણ કરી તત્કાલ સહાય આપવાની જાહેરાત કરી હતી પણ કૃષિ વિભાગ કંઈક અલગ જ કહી રહ્યો છે. કૃષિ વિભાગે એક પરીપત્ર બહાર પાડી ૨૦ દિવસમાં નુકશાનનો સર્વે પુર્ણ કરવાની વાત કરે છે ત્યારે સવાલ એ ઉભો થાય છે કે મુખ્યમંત્રી અને કૃષિમંત્રી સાચા છે કે પછી કૃષિ વિભાગ સાચુ કોણ કે બંને વાતો વિરોધાભાસી છે. આ વાતથી પડયા ઉપર પાટુ ની જેમ ખેડુતોને પોતાની સાથે મજાક કરવામાં આવી રહ્યા ની લાગણી પ્રવર્તી છે. સૌરાષ્ટ્ર / કચ્છ સહિત રાજયમાં પડેલા કમોસમી વરસાદને લીધે મોટા પાયે ખેતીને નુકશાન પહોચ્યુ છે. ત્યારે ખેડુતો હવે કૃષિ પેકેજના સહાય પર આશા રાખીને બેઠા છે. આવા સમયે જયાં સુધી પાક નુકશાનીનો સર્વે ન થાય ત્યાં સુધી ખેડુતોને કેટલુ વળતર આપવુ તે નકકી થઈ શકે નહી, પરીણામે ખેડુતોમાં અસંતોષ અને ચિંતાની લાગણી જોવા મળી રહી છે. કારણ કે કૃષિ મંત્રીએ તો ૭ દિવસમાં નુકશાનીનો સર્વે થઈ જશે તેવી જાહેરાત કરી છે પણ હવે કૃષિ વિભાગે પરીપત્ર બહાર પાડી ખેતીવાડી અધિકારીઓને સુચનાઓ આપી છે કે સેટેલાઈટ ઈમેજથી સર્વે કરી ખેતી નિયામકોએ ૧૨ દિવસમાં જિલ્લા વહિવટી તંત્રને નુકશાનીની માહિતી મોકલવાની રહેશે. આ ઉપરાંત ડીઝીટલ સર્વે અને સેટેલાઈટ ઈમેજ સરખાવીને સર્વે નંબર સાથે નુકશાનીની વિગતો ૭ દિવસમાં જિલ્લા કલેકટરોને મોકલવાની રહેશે. ખેતી નિયામકોને એ પણ સુચના અપાઈ છે કે ૧૫ દિવસમાં સર્વે પુર્ણ કરી સહાય માટે ૧૫ દિવસમાં સરકારમાં દરખાસ્ત રજુ કરવી, આ સંજોગોમાં સરકારની મૌખિક અને પરીપત્રને લઈને વિસંગતતા સર્જાઈ છે જેથી ખેડુતોમાં અસમંજસની સ્થિતિ જોવા મળી રહી છે. આ વાતથી સાબિત થાય છે કે પાક નુકશાનીનુ વળતર ખેડુતોને હજુ મળવાનુ નથી.

તો બીજી તરફ કિસાન કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે બે મોઢાની વાતો કરી ખુદ સરકાર જ ખેડુતોની મજાક કરી રહી છે. એવો પણ સવાલ ઉઠાવાયો છે કે ખુદ ભાજપના ધારાસભ્ય, સાંસદ જ નહી કેબિનેટ મંત્રીએ પણ રૂબરૂ જઈને ખેત નુકશાનનુ સર્વે કર્યુ હોય તો પણ કેમ માન્ય રખાતુ નથી ? ઉપરાંત જયારે ૫ થી માંડીને ૧૫ ઈંચ વરસાદ પડયો હોય ત્યાં સર્વે કરવાની કયાં જરૂર જ છે, જો મગફળીને ટેકાના ભાવે ખરીદી કરાય તો ખેડુતોને મદદ થઈ શકે તેમ છે. છેલ્લી સાતેક સીઝનમાં ખેડુતો કુદરતી મારનો ભોગ બન્યા છે તો પાક ધિરાણ માફ કરવાની માંગ ઉઠી છે.

# વડોદરામાં નકલીની બોલબાલાઃ રાવપુરા પોલીસે એક બોગસ ભુતિયા પત્રકારને ઝડપી લીધો




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વડોદરા શહેરમાં નકલીની બોલબાલા વધી ગઈ છે. કયારેય નકલી ખાદ્ય પદાર્થો તો કયારેક નકલી કચેરીઓ હવે તો નકલી અધિકારીઓ સુધી મામલો પહોચી ગયો છે. ત્યારે આજે વડોદરામાં રાવપુરા પોલીસે એક એવા શખ્સને ઝડપી પાડયો છે જેણે પોતાને સીબીઆઈ અધિકારી અને પત્રકાર તરીકે ખોટી ઓળખ આપી પોલીસ ભવન સુધી પહોચી ગયો હતો. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ઘનશ્યામ ભાણજી સંઘાણી નામનો આ શખ્સ વ્યવસાયે કડીયો છે પરંતુ તેણે બોગસ ખોટા દસ્તાવેજો તૈયાર કરીને દિલ્હી સીબીઆઈ ઓફીસર અને મીડીયા રીપોર્ટર તરીકે ઓળખ ઉભી કરી હતી.૨૯ ઓકટોબરે જયારે તે વડોદરા પોલીસ ભવનમાં આવ્યો ત્યારે તેની બોલચાલ અને વર્તન પર અધિકારીઓને શંકા જતા તેની તાત્કાલીક તપાસ હાથ ધરવામાં આવી હતી, તપાસ દરમિયાન તેની પાસે દિલ્હી સીબીઆઈ અને એક ન્યુઝ સંસ્થાના નકલી આઈડેન્ટી કાર્ડ મળી આવ્યા હતા. વધુ પુછપરછમાં જાણવા મળ્યુ હતુ કે સંઘાણી કોઈપણ સરકારી વિભાગ કે મીડીયા હાઉસ સાથે સંકળાયેલો નથી, તે કડીયા કામ કરતો સામાન્ય નાગરીક છે, પરંતુ અધિકારીઓ સુધી પહોચવા માટે ખોટી બોગસ ઓળખનો સહારો લઈ રહ્યો હતો. રાવપુરા પોલીસે તેની વિરૂધ્ધ ખોટી બોગસ ઓળખ ઉભી કરવાના ગુન્હામાં કેસ દાખલ કર્યો છે અને દિલ્હીની તે સંસ્થા સામે પણ તપાસ શરૂ કરી છે. જેણે આ નકલી કાર્ડ જારી કર્યા હોવાનુ જણાવાયુ છે. પોલીસ હવે આ દિશામાં તપાસ કરી રહી છે કે શું તેની પાછળ કોઈ મોટુ નકલી બોગસ ઓળખ રેકેટ કાર્યરત છે કે નહી, વડોદરામાં છેલ્લા કેટલાક મહિનાથી નકલી પ્રોડકટ, નકલી અધિકારી, નકલી જન્મ પ્રમાણપત્ર જેવા કેસો વધતા જતા, શહેરમાં કાયદો અને વ્યવસ્થાને લઈ નવી ચિંતા ઉભી થઈ છે.

### માવઠાથી ખેતીને નુકશાનઃ ખેતરોમાં ભરાયા પાણીઃ પાક પાણીમાં ડુબી જતા થયો નષ્ટ

# સાબરકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદને પગલે ખેતીના પાકને વ્યાપક નુકશાનઃ સરકાર પાસે રાહત પેકેજની માંગ કરતા ખેડુતો



પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદે જમાવટ કરતા ખેતીના પાકને વ્યાપક પ્રમાણમાં નુકશાન થવા પામ્યુ છે. જેના કારણે જિલ્લાના ખેડુતોએ સરકાર પાસે રાહત પેકેજની માંગ કરી છે.

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી રાત્રીના સમયે ધીમી ધારે તો કયાંક ધોધમાર વરસાદ વરસતા ખેતીના પાકને વ્યાપક પ્રમાણમાં નુકશાન પહોચ્યુ છે. ખેડુતોના મોઢે આવેલો કોળીયો છીનવાઈ જતા ખેડુતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં ચોમાસાની સીઝનમાં ભારે વરસાદ વરસતા મોટા ભાગના ખેડુતો ડાંગરનુ વાવેતર કર્યુ હતુ અને સારો વરસાદ વરસતા, ડાંગરના પાકમાં ઉત્પાદન પણ ખુબ સારૂ થયુ હતુ. ડાંગરનો પાક તૈયાર થતા પાકની કાપણીના સમયે જ છેલ્લા ૩ દિવસથી દિવસ દરમિયાન અને રાત્રીમાં કમોસમી વરસાદ વરસતા ખેડુતોના ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે. ખેડુતો ભરાયેલા પાણીમાંથી પાકને બહાર કાઢી રહ્યા છે , અને ડાંગરનો પાક પાણીમાં નષ્ટ થઈ જતા ખેડુતો સરકાર પાસે રાહત પેકેજની માંગ કરી રહ્યા છે.

# રાષ્ટ્રીય એકતા દિવસે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતે યુનિટી માર્ચ ને પ્રસ્થાન કરાવ્યું







પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા આયોજીત સરદાર ૧૫૦ જન્મજયંતિ યુનિટી માર્ચ ને પ્રસ્થાન કરાવ્યુ હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કરી નમન કર્યા હતા. મુખ્યમંત્રીએ અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતિ પ્રસંગે ભાવાંજલી અર્પણ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશભરમાં સરદાર પટેલની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે ભવ્યાતિભવ્ય ઉજવણીનુ આયોજન કરાયુ છે. વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ના નિર્માણથી સરદાર પટેલને વડાપ્રધાને ખરા અર્થમાં શ્રધ્ધાંજલી આપી છે. સરદાર સાહેબની આ પ્રતિમા ભારતના સામાર્થ્ય અને ગૌરવવંતા ઈતિહાસનુ શ્રેષ્ઠ પ્રતિક છે તેવુ પણ મુખ્યમંત્રીએ કહ્યુ હતુ. સરદાર સાહેબને યાદ કરતા મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદી પછી ૫૬૨ જેટલા દેશી રજવાડાઓનુ વિલીનીકરણ કરીને સ્વતંત્ર ભારતનુ નિર્માણ કર્યુ હતુ. તેમણે ઉમેર્યુ હતુ કે વડાપ્રધાનના નેતૃત્વમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૩૭૦ દુર કરી ભારતને એક અને અખંડ બનાવ્યુ છે. વડાપ્રધાને પ્રદેશો અને રાજયો વચ્ચે સાંસ્કૃતિક આદાન પ્રદાન કરી એક ભારત શ્રેષ્ઠ ભારત ની રચના કરી છે તેવુ તેમણે કહ્યુ હતું. મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે વડાપ્રધાનના દિશા દર્શનમાં વર્ષ ૨૦૧૪ થી સરદાર પટેલની જન્મજયંતિ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવાય છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યુ હતુ કે વડાપ્રધાનના નેતૃત્વમાં સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્ર થકી ભારત ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનવા તરફ આગળ વધી રહ્યુ છે. ત્યારે આ રન ફોર યુનિટી સમગ્ર દેશને એકતાના તાંતણે જોડનારૂ માધ્યમ છે. મુખ્યમંત્રીએ ગૌરવ પૂર્વક જણાવ્યુ હતુ કે જે રીતે આઝાદીના આંદોલનમાં સ્વદેશી માટેનો જોમ, જુસ્સો લોકોમાં જાગ્યો હતો એવો જ જોમ અને જુસ્સો આ વખતે દિવાળીના તહેવારોમાં સ્વદેશી વસ્તુઓની ખરીદીમાં આપણને જોવા મળ્યો છે. આપણે સૌ સરદાર સાહેબને યાદી કરી એક અને નેક બની સ્વદેશીને જીવનનો હિસ્સો બનાવીને વિકસિત ભારતનુ નિર્માણ કરીએ તેવુ મુખ્યમંત્રીએ સૌને આહવાન કર્યુ હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત સૌ નાગરીકોએ રાષ્ટ્ર હિત પ્રથમના ભાવ સાથે એકતાના શપથ લીધા હતા.

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા એક ભારત આત્મનિર્ભર ભારત ના સંદેશને વધુ મજબુત કરવા આ યુનિટી માર્ચનુ આયોજન કરાયુ હતું. મુખ્યમંત્રીએ નારણપુરાની સરદાર પટેલ કોલોનીમાં આવેલી સરદાર પટેલની પ્રતિમા પાસેથી સવારે ૭:૩૦ કલાકે યુનિટી માર્ચનુ પ્રસ્થાન કરાવ્યુ હતું. આ યુનિટી માર્ચ નારણપુરા સરદાર પટેલ કોલોનીથી શરૂ થઈ સરદાર પટેલ સ્ટેડીયમ રોડ, સી જી રોડ થઈને આશ્રમ રોડ પરની મહાત્મા ગાંધીજી ની પ્રતિમા ખાતે પુર્ણ થઈ હતી.

# અંત્યોદય અને એનએફએસએ લાભાર્થીઓ આવશ્યક ચીજ વસ્તુઓના લાભથી વંચિત ન રહે તે માટે વિતરણ શરૂ

### નવે. ૨૦૨૫ માટે આગોતરા આયોજનના ભાગરૂપે ૭૫ લાખ થી વધુ કુટુંબોની ૩.૨૫ કરોડ જેટલી જનસંખ્યાને આવશ્યક ચીજ વસ્તુઓની ફાળવણી કરાઈ



પ્રતિનિધિ,ગાંધીનગર

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન અને મિશનથી પ્રેરીત થઈને ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સંવેદનશીલ સરકારના માર્ગદર્શન હેઠળ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત હાલ રાજયમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ નોંધાયેલ રેશનકાર્ડ લાભાર્થીઓ આવશ્યક ચીજ વસ્તુઓનો લાભ મેળવી રહ્યા છે.

જે અંતર્ગત ઘઉ તથા ચોખાનુ વિના મુલ્યે વિતરણ કરવામાં આવે છે, રેશનકાર્ડ લાભાર્થીને પ્રોટીન સભર ગુણવત્તા યુકત આવશ્યક ચીજ વસ્તુનો લાભ મળી રહે તે માટે રાજય સરકાર કટીબધ્ધ છે. આ યોજના અન્વયે તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠા જેવી આવશ્યક ચીજ વસ્તુઓનો રાહત દરે નિયમિતપણે રેશનકાર્ડ ધારકો લાભ મેળવે છે. રાજય સરકારની યોજના હેઠળ તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠા સાથે જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર દરમિયાન સીંગતેલ તથા વધારાની ખાંડનુ વિતરણ રાહતદરે કરવામાં આવે છે જે સમગ્ર ભારત દેશમાં ફકત ગુજરાત રાજયમાં જ કરવામાં આવે છે. નવેમ્બર ૨૦૨૫ માટે આગોતરા આયોજનના ભાગરૂપે ૭૫ લાખ થી વધુ કુટુંબોની ૩.૨૫ કરોડ જેટલી જનસંખ્યાને આવશ્યક ચીજ વસ્તુઓની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ઘઉં તથા ચોખાનુ વિનામુલ્યે વિતરણ તથા રાજય સરકારની યોજના હેઠળ રાહતદરે વિતરણ કરવામાં આવતી આવશ્યક ચીજ વસ્તુ જેમ કે તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના ચલણમાં નોધપાત્ર માત્રામાં વધારો થયેલ છે તથા તેના નાણાંની ભરપાઈ પણ થયેલ છે તેમજ બાકી રહેતા વ્યાજબી ભાવના દુકાનદારો દ્વારા ચલણની પ્રક્રિયા પણ પ્રગતિ હેઠળ છે. જે અંતર્ગત અંત્યોદય અને એનએફએસએ લાભાર્થી આવશ્યક ચીજ વસ્તુઓના લાભ થી વંચિત ન રહે તે બાબતે અનુરોધ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આવતી કાલે તા. ૧ નવેમ્બર થી શરૂ થશે. વ્યાજબી ભાવના દુકાનદારોની પોષણક્ષમતા જળવાઈ રહે તે બાબતે તેઓ દ્વારા અનાજના જથ્થાના વિતરણ સંદર્ભે વિવિધ કમિશન ઉપરાંત તફાવતની ઘટતી રકમના ભાગરૂપે રૂપીયા ૨૦ હજાર વ્યાજબી ભાવના દુકાનના સંચાલકના બેંક ખાતામાં નિયમિત પણે દર મહિને ચુકવવામાં આવે છે. આ રૂપીયા ૨૦ હજાર કમિશનની તફાવતની રકમનો સમગ્ર ખર્ચ રાજય સરકાર દ્વારા ભોગવવામાં આવે છે. સમગ્ર ભારત દેશમાં ફકત ગુજરાત રાજયમાં જ મીનીમમ રૂપીયા ૨૦ હજાર કમિશનની રકમ વ્યાજબી ભાવના દુકાનદારોને ચુકવવામાં આવે છે. કમિશનની તમામ વિગતો વ્યાજબી ભાવની દુકાનદારના લોગ ઈન ઈ-પાસબુકમાં ઉપલબ્ધ છે. વ્યાજબી ભાવના દુકાનદાર દ્વારા જે પડતર પ્રશ્નોની રજુઆત કરવામાં આવે છે તે બાબતે એસોસીએશનના પ્રતિનિધિ સાથે સમયાંતરે બેઠક યોજવામાં આવે છે, તાજેતરમાં એસોસીએશન દ્વારા જે માંગણીઓ રજુ કરવામાં આવેલ છે તે પૈકી ઘણી માંગણીઓ નીતિ વિષયક છે જે રાજય સરકાર ના વિચારણા હેઠળ છે, અનાજના જથ્થાના વિતરણથી અળગા રહેવા બાબત આવશ્યક ચીજ વસ્તુઓના લાભથી રેશનકાર્ડ ધારકોને વંચિત રાખવા બાબતે એસોસીએશનના પ્રતિનિધિ સાથે મીટીંગનુ આયોજન કરવામાં આવ્યુ હતું. વન નેશન વન રેશનકાર્ડ યોજના અંતર્ગત કોઈપણ લાભાર્થી પોતાની પસંદગી મુજબ સમગ્ર રાજયમાં તથા સમગ્ર દેશમાં પોતાની બાયોમેટ્રીક ઓળખ પ્રસ્થાપિત કરીને અનાજના જથ્થાનો લાભ મેળવી શકે છે. આ યોજનાની અમલવારી શરૂ થયેથી કુલ ૧ કરોડથી વધુ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે જે બાબતે સમગ્ર ભારતમાં ગુજરાત રાજય અગ્રેસર રહ્યુ છે. તાજેતરમાં વ્યાજબી ભાવની દુકાન ખાતે ડોર ટુ સ્ટેપ ડીલીવેરીના માધ્યમથી આવશ્યક ચીજવસ્તુનો જથ્થો પહોચે તે બાબતે મંત્રીની સુચના અનુસાર ગ્રામ્ય તકેદારી સમિતિ અથવા શહેરી તકેદારી સમિતિના સભ્યોના બાયોમેટ્રીક વેરીફીકેશન બાબતે ૮૦ ટકા સભ્યોના બાયોમેટ્રીક વેરીફીકેશનથી કાર્યવાહી થવા ઠરાવેલ છે. જે અંતર્ગત મંત્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠક અંતર્ગત ઠરાવના અમલીકરણના તબકકામાં જરૂરી પરીપત્ર દ્વારા સુચના આપવામાં આવેલ છે. જે પૈકી તા. ૩૧/૧૨/૨૦૨૫ સુધી ઓછામાં ઓછા ૫૦ ટકા સભ્યોના બાયોમેટ્રીક / ઓટીપી બેઈઝડ વેરીફીકેશન ડોર સ્ટેપ ડીલીવરી સમયે લેવાના રહેશે.

# અમદાવાદના ઓઢવ સ્મશાન ગૃહમાં ન જળવાયો મોતનો મલાજોઃ મૃતદેહને ટાયર અને ગોદડાથી સળગાવવો પડયો

### ૨૦ વરસથી સત્તામાં રહેલી ભાજપ સરકાર મૃતક માટે લાંકડા પણ નથી પહોચાડી શકતીઃ કોંગ્રેસ





પ્રતિનિધિ,ગાંધીનગર

માનવનુ મૃત્યુ એક સત્ય છે પરંતુ જયારે મૃત્યુ થાય છે તે બાદ વિધિ વિધાન સાથે અંતિમ ક્રિયા કરવામાં આવે છે, અને મોતનો મલાજો જાળવવામાં આવે છે. પરંતુ અમદાવાદના ઓઢવ વિસ્તારમાં એક હૃદય દ્રાવક ઘટના બહાર આવી છે. ઓઢવ સ્મશાન ગૃહમાં અંતિમ સંસ્કાર માટે ગયેલા પરીવારને મૃતદેહના અંતિમ સંસ્કાર માટે લાંકડા જ ન મળ્યા અને જે હતા તે ભીના હતા, છેવટે પરીવારે ખુદના ૮ હજાર રૂપીયા ખર્ચી ઘી અને તલ લાવ્યા અને ટાયર અને ગોદડુ બાડીને મૃતદેહનો અંતિમ સંસ્કાર કરવો પડયો હતો. આ ઘટનાને લઈને ઓઢવ સ્મશાનના કોન્ટ્રાકટર અને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન પર લોકો ગુસ્સે ભરાયા હતા. હાલમાં કોર્પોરેશનએ કોન્ટ્રાકટર વિરૂધ્ધ કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે. સ્માર્ટ સીટી ના બણગાં ફુંકતા અમદાવાદ કોર્પોરેશનની એક ગંભીર બેદરકારી બહાર આવી છે. અમદાવાદના ઓઢવમાં એક પરીવારે ટાયર અને ગોદડા બાડીને પોતાના પરીવારના મૃતકની અંતિમ સંસ્કાર વિધિ કરી હતી. ખરેખર માં સ્મશાનગૃહમાં લાંકડાનો અભાવ હોવાને કારણે મૃતદેહને અગ્નિદાહ આપવા માટે ટાયર અને ગોદડાનો સહારો લેવો પડયો હતો. મૃતકના પરીવારજનોનો આક્ષેપ છે કે સ્મશાનગૃહ તરફથી આપવામાં આવેલા લાંકડા ભીના હોવાથી તે સળગ્યા જ નહી, પરીસ્થિતિ એવી બની કે અંતે સ્વજનોએ ૮ થી ૯ ટાયર અને ગોદડાનો સહારો લઈ અંતિમવિધિ પુર્ણ કરવી પડી. એટલુ જ નહી પરીવારજનોએ અંતિમ સંસ્કારવિધિ માટે ૮ હજાર રૂપીયા ખર્ચીને ઘી અને તેલ લાવ્યા હતા, અંતિમ સંસ્કાર દરમિયાન પણ યોગ્ય વ્યવસ્થા ન મળી શકી. સ્મશાનગૃહના કોન્ટ્રાકટર તથા સંચાલન તંત્ર સામે બેદકારીના ગંભીર આક્ષેપો ઉઠયા છે. શહેરમાં કરોડો રૂપીયાના ખર્ચે સ્માર્ટ સીટીની યોજનાઓ અમલમાં આવી રહી છે પરંતુ જીવનના અંતિમ પડાવ પર પણ નાગરીકોને સુવિધાઓ ન મળવી એ શરમજનક બાબત છે. ઓઢવ સ્મશાન ગૃહમાં બનેલી આ ઘટનાને લઈ એએમસીએ તપાસના આદેશ આપ્યા છે. મનહર સોલંકી નામના કોન્ટ્રાકટરને આ સ્મશાનની કામગીરી સોંપાઈ છે, આ ઘટના બાદ લોકોમાં ભારે રોષ ફેલાયો છે. લોકોની માંગ છે કે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન (એએમસી) તાત્કાલીક આ મામલાની તપાસ કરી જવાબદાર કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. અમદાવાદ કોર્પોરેશન તંત્રની બેદરકારીના લીધે ઓઢવ સ્મશાનગૃહ માં જે ઘટના બની તે દુઃખદ છે, આમા જે સંડોવાયેલા છે તેની સામે એફઆઈઆર નોંધી ગુન્હાની તપાસ કરવામાં આવે એવી અમદાવાદ શહેર પૂર્વ કોંગ્રેસ પ્રમુખ નેતા નીરવ બક્ષીએ માંગ કરી ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ત્રિપલ એન્જીન સરકારની વાતો કરતી ભાજપ છેલ્લા ૨૦ વરસથી પરંતુ મૃતક પરીવાર ટાયરથી અંતિમ સંસ્કાર કરવા મજબુર બન્યો છે. સ્મશાનગૃહમાં જે કંપનીને લાંકડાનુ ટેન્ડર આપવામાં આવ્યુ હોય તેના પર કાયદેસરના પગલા લો, ભીના લાંકડા હોય તો સાથે સુકા લાંકડાનો જથ્થો પણ રાખવો એ ખુબ જરૂરી છે. ટેન્ડરનુ પેમેન્ટ રોકીને કાયદેસરની કાર્યવાહી ની માંગ કરી છે.